नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 28
No. of Printed Pages – 8

# SS-24-Gujarati Sah.

## गुजराती साहित्य

### उच्च माध्यमिक परीक्षा, 2021

समय : 3¼ घण्टे

पूर्णांक : 80

CONFIDENTIAL

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

OFFICE COPY

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસાર છે.

| ખંડ | પ્રશ્નોની સંખ્યા | દરેક પ્રશ્નના ગુણ | કુલ ગુણભાર |
|---|---|---|---|
| ખંડ-અ (A) | 1 (1 થી 10), 2 થી 11 = 20 | 1 | 20 |
| ખંડ-બ (B) | 12 થી 19 = 8 | 2 | 16 |
| ખંડ-સ (C) | 20 થી 23 = 4 | 4 | 16 |
| ખંડ-દ (D) | 24 થી 25 = 5 | 5 | 10 |
| ખંડ-ચ (E) | 26 થી 28 = 3 | 6 | 18 |

## ખંડ – અ (A)

1. નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ)

(1) ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? 1

(A) ગુરુ (B) હરિ
(C) સંત (D) દાસ

(2) 'દ્રવ' એટલે શું ? 1

(A) કીર્તિ (B) પૈસો
(C) માન (D) મોભો

(3) કલ્યાણ કોણે છે ? 1

(A) સરપંચ (B) ઉદ્યોગપતી
(C) સિપાઈ (D) વેપારી

(4) કવિ શ્વાસમાં શું ભરી લેવાની વાત કરે છે ? 1

(A) પાણીનો દરિયો (B) યાદીનો દરિયો
(C) રેતનો સમુદ્ર (D) સુગંધનો દરિયો

(5) "ચહેરો" પાઠમાં કોની વાત છે ? 1

(A) ઘાયલ સૈનિકની (B) સમજદાર શિક્ષકની
(C) પ્રભાવશાળી નેતાની (D) સંત પુરુષની

(6) "આંગળી ઝાલીને એને દોર જે" પત્ર કોને સંબોધાયો છે ? 1

(A) જગતને (B) રાજાને
(C) ખેડૂતને (D) શૂરવીર સૈનિકને

(7) ખેડૂત રાજકુંવરીનું નામ જણાવો.

(A) રેવતી (B) કંસારી
(C) ક્ષમા (D) ગવરી

OFFICE COPY

(8) "ગપાટા મારવા" એટલે ? 1

(A) આડી-અવળી બિનજરૂરી વાતો કરવી (B) દોડાદોડ કરી મૂકવી

(C) મનોરંજન કરવું (D) લગનીપૂર્વક કામ કરવું

(9) મીનું પાઠમાં "મીનું" શું છે ? 1

(A) બિલાડીનું નામ (B) છોકરીનું નામ

(C) કૂતરીનું નામ (D) છોકરાનું લાડકવાયું નામ

(10) "એક સમયનું જેસલમેર" શું છે ? 1

(A) નવલકથા (B) હાસ્ય નિબંધ

(C) કવિતા (D) પ્રવાસ નિબંધ

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો : (પ્રત્યેકનો 1 ગુણ)

2. સાજા નરવા નવજવાને જનરલને શી વિનંતી કરી ? 1

3. કંસારીને બાળપણથી શું બનવાની ઈચ્છા હતી ? 1

OFFICE COPY

4. "આપણે કોઈ દિવસ ઉંચા જ નહી આવવાના" માં 'આપણે' કોણ ? 1

5 દાદાજી ક્યાં અને ક્યારે વાર્તા કહેતા હતા ? 1

6. કલ્યાણ ચોરી શા માટે ચણાયો ? 1

7. કવિ પોતાના માથાને શાનાથી ભરી લેવાની વાત કરે છે ? 1

8. 'તેજલી'ના દાદાજીનું નામ શું છે ? 1

નીચે આપેલી ખાલી જગ્યા પૂરો : (પ્રત્યેકનો 1 ગુણ)

9. મન નો ડગેના કવયિત્રી ________ છે. 1

10. બિલાડી, પોપટ અને કરોળિયો ________ ના મિત્રો છે. 1

11. રૂપક એક ________ છે. 1

## ખંડ – બ (B)

નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો : (પ્રત્યેકના 2 ગુણ)

12. શિખરિણી અથવા મંદાક્રાન્તા છંદનું ઉદાહરણ આપી સમજાવો. 2

13. ઉપમા અથવા ઉત્પ્રેક્ષા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ લખો. 2

14. વિરુદ્ધાર્થી શબ્દ લખો : 2

(1) ચોર

(2) દાતાર

(3) ઇચ્છા

(4) દિવસ

OFFICE COPY

15. સમાનાર્થી શબ્દ લખો : 2

(1) નદી

(2) હુકમ

(3) મહેનત

(4) મૃત્યુ

16. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 2

(1) માથુ ખંજવાળવું

(2) અવાક થઈ જવું

17. નીચેના વાક્યોને નિષેધ બનાવો : 2

(1) બાપુજી ભૂખ્યા રહ્યા

(2) હું તમારા પુત્રનો મિત્ર છું.

18. નીચેના વાક્યોને કર્મણિવાક્ય બનાવો : 2

(1) એણે નિર્ણય લઈ લીધો.

(2) તે રાતે હું ઊંઘી શકી જ નહીં.

19. શબ્દ-સમૂહ માટે એક શબ્દ આપો : (ગમે તે **બે**) 2

(1) જેનો સ્પર્શ થવાથી લોખંડ સોનું બની જાય છે તે

(2) જાડી ધારમાં જોરથી પડતો વરસાદ

(3) ભક્તિ માટે ગવાતું ગીત

**ખંડ – સ (C)**

OFFICE COPY

નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર લખો : (પ્રત્યેકના 4 ગુણ)

20. કાવ્યને આધારે સાચા હરિજનનાં લક્ષણો વર્ણવો. 4

**અથવા**

ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? શા માટે ?

21. 'દ્રવ' કાવ્યમાં વર્ણવાયેલું પૈસાનું મહત્ત્વ વર્ણવો. 4

**અથવા**

"કલ્યાણ" કાવ્યની કથાનું વર્ણન કરો.

22. 'ખેડૂત રાજકુંવરી' પાઠના આધારે કંસારીનો પાત્ર-પરિચય કરાવો. 4

**અથવા**

નવયુવકનો લશ્કરી સેવા પ્રત્યેનો પ્રેમ વર્ણવો.

23. "મીનું" પાઠના આધારે પ્રાણીપ્રેમની ચર્ચા કરો. 4

**અથવા**

"આપણી આશાઓના બીજ"નાં આધારે લેખક રાજેન્દ્ર સિંહે નદીઓને વહેતી કરવા માટે કરેલા પ્રયત્નોની ચર્ચા કરો.

**ખંડ – ૬ (D)**

24. નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને બીજાને પણ મીઠાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો પણ વૃક્ષો જેવા જ હોય છે. સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુગંધ આપે છે. શેરડી જેમ વધારે પીલાય તેમ વધારે રસ આપે છે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ મારે છે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો ત્યજતા નથી. તેઓ ગમે તેવી સ્થિતિમાં હોય, પરંતુ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો :**

(1) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ? 1

(2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ? 1

(3) ઉદાર મનુષ્યો કેવા હોય છે ? 1

(4) કોનુ જીવન નિરર્થક છે ? 1

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. 1

OFFICE COPY

25. નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. એ રાજકુંવરી હતી છતાં, નાનપણથી જ તેની ઇચ્છા ખેડૂત બનવાની હતી. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાનો હુકમ કર્યો. રાજમહેલની બહાર જિંદગી કેવી મુશ્કેલ હોય છે તેનો અનુભવ થાય તેમ હું ઈચ્છું છું. જેથી તેને કંઈક સમજ આવે. તેમણે ગુસ્સાથી કહ્યું એટલે કંસારીએ નાનપણથી એકઠાં કરેલાં બી બાંધી લીધાં અને જંગલમાં રહેવા જતી રહી. તેણે ત્યાં એક નાનકડી ઝૂપડી બાંધી અને નજીકનાં ખેતરોમાં બી વાવવાનું શરૂ કર્યું. એ સખત મહેનતનું કામ હતું પણ કંસારીને તેમાં બિલાડી, પોપટ અને કરોળિયો જેવા ત્રણ નવાં મિત્રો મદદ કરતાં.

**પ્રશ્નો :**

(1) કંસારીને કઈ ઇચ્છા હતી ? 1

(2) રાજાએ શો હુકમ કર્યો ? 1

(3) કંસારી જંગલમાં શું લઈ ગઈ ? 1

(4) કંસારી ક્યાં અને શામાં રહેવા લાગી ? 1

(5) કંસારીને ખેતીકામમાં કોણ મદદ કરતા ? 1

## ખંડ – ચ (E)

26. નીચેનામાંથી કોઈપણ **બે** કાવ્ય-પંક્તિઓ સમજાવો : 3 + 3 = 6

(1) મેરુ રે ડગેને જેનાં મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે;

(2) દ્રવે કરપી ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર,
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચ ને દ્રવે પવિત્ર.

(3) કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો,
ને આત્મા એનો સ્વર્ગે વિરામ્યો.

27. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો : 6

(1) ઓનલાઈન શિક્ષણના લાભાલાભ.

(2) કોરોના વાઈરસ અને વિશ્વ

(3) વૃક્ષો વાવો – જીવન બચાવો

(4) વિદ્યાર્થી જીવનમાં અનુશાસનનું મહત્ત્વ

(5) મારો પ્રિય તહેવાર

OFFICE COPY

28. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો : 6

એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – ઓછી તોળવી – ઓછી આપવી – ગ્રાહકની વિનંતિ – દુકાનદારનો જવાબ વધારે ઊંચકવું નહિ પડે – ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – દૂકાનદારે પૂરા પૈસા માંગવા – ગ્રાહક – વધારે પૈસા ગણવા નહી પડે – બોધ.

DO NOT WRITE ANYTHING HERE